ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૭ ટકા

# આવતીકાલે શહેરમાં પેરા ઓલ્મ્પિક તાલીમ કેન્દ્રનો પ્રારંભ

## કેન્દ્રીય રમતગમત મંત્રી વિજય ગોયેલ દિવ્યાંગ ખેલાડીઓના નિવાસી તાલીમ કેન્દ્રનું ઉદઘાટન કરશે
## એથ્લેટિક્સ, સ્વિમીંગ અને પાવર લિફટીંગના ૫૦ દિવ્યાંગ ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પશ્ચિમી કેન્દ્રને કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય દ્વારા પેરા ઓલ્મ્પિક ખેલાડીઓ માટે 'સેન્ટર ફોર એકસેલેન્સ' તરીકે વિકસાવવાની જાહેરાત કરાઈ હતી. આ અંતર્ગત આગામી તા. ૫મી ફેબ્રુઆરીએ કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલના હસ્તે નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતે એસટીસી પેરા સેન્ટરનો પ્રારંભ કરાશે. આ ઉપરાંત તેઓ પ્રસ્તાવિત કેન્દ્રના વિસ્તાર માટેની કમ્પાઉન્ડ વોલના નિર્માણ માટે પાયાના પથ્થરની સ્થાપના કરશે.

ગત ઓલ્મ્પિક રમતોમાં ભારતીય દિવ્યાંગ ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ભારત સરકારે પેરા ઓલ્મ્પિક ખેલાડીઓ માટે વિશેષ તાલીમની વ્યવસ્થા કરવા નિર્ણય કર્યો હતો. આ નિર્ણયના અનુસંધાનમાં ગાંધીનગર સાઈ ખાતેના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરને દિવ્યાંગ ખેલાડીઓ માટેના સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર તરીકે 'સેન્ટર ફોર એકસેલન્સ' તરીકે વિકસાવવાની જાહેરાત કરી હતી. આગામી તા. ૫મી ફેબ્રુઆરી રવિવારે બપોરે ૨.૪૫ કલાકે કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલના હસ્તે એસટીસી પેરા સેન્ટરનું વિધિવત ઉદઘાટન કરાશે.





આ કેન્દ્રમાં હાલ એથ્લેટિકસ, સ્વીમીંગ તથા પાવર લિફટીંગની રમતોના દિવ્યાંગ ખેલાડીઓને નિવાસી તાલીમ અપાશે. હાલ આ સેન્ટર ખાતે ૫૦ દિવ્યાંગ ખેલાડીઓને નિવાસી તાલીમની વ્યવસ્થા કરાઈ છે. જે અંતર્ગત આજે સાઈ સંકુલ ખાતે ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ પસંદગી પ્રક્રિયામાં દેશભરમાંથી એથ્લેટિકસ, સ્વીમીંગ તથા પાવરલિફટીંગના દિવ્યાંગ ખેલાડીઓ સામેલ થયા હતા. નેતાજી સુભાષ વેસ્ટર્ન ટ્રેનિંગ સેન્ટર ખાતે પ્રારંભ થનારા પેરાઓલ્મ્પિક ખેલાડીઓના એસટીસી પેરા સેન્ટર ખાતે દિવ્યાંગ ખેલાડીઓને સઘન તાલીમ મળી રહે તથા તેઓ દેશનું નામ ઓલ્મ્પિક ક્ષેત્રે રોશન કરે તે માટે સાઈના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ વિશેષ કાળજી લઈ રહ્યાં છે.

## આઈ લવ માય ગાંધીનગર



**અતુલભાઈ (હર્ષદભાઈ) જે પટેલ**
ખુશ્બુ ઑટો

**ગાંધીનગર ગમે**
હરિયાળી, શાંતિ અને ઓછા ટ્રાફિકવાળા ખુલ્લા, સ્વચ્છ રસ્તાઓને કારણે ગાંધીનગર મને ખૂબ ગમે છે.

**નગરજનો**
મોટાભાગે સરકારી નોકરિયાત હોવાથી નગરજનો કરકસરની વૃત્તિવાળા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરમાં નિયમિત અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો ખૂબ ગમે છે.
ગાંધીનગર કલ્ચરલ ફૉરમની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જુનિયર સિટિઝન કાઉન્સિલની સેવા પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
અહીં ધંધાકીય માળખાનો અભાવ છે, જે વિકસાવવાની તાતી જરૂર લાગે છે. ગ્રામ વિસ્તારો માટે અલગ આરટીઓ ઑફિસની પણ આવશ્યકતા છે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા અને સેવા માટે હું મારો ફાળો આપવા હંમેશાં તત્પર છું ને રહીશ.

## @ગાંધીનગર

● પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ સવારે ૮.૦૦ કલાકે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૫-સી કલેહર માતાજી મંદિર ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા પંચદેવ મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● બહુચર મંડળ દ્વારા ખોડિયાર મંદિર સિવિલ કેમ્પસ સે-૧૨ ખાતે સવારે ૭ થી ૧૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● પરેશભાઈ દ્વારા આનંદનો ગરબો નીરુબેન નાયક પ્લોટ નં. ૫૨૫/૨, સે-૨૮ કોલવડાનગર ખાતે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન યોજાશે.

# માર્ગ-મકાન વિભાગ પરિવાર દ્વારા યોજાયો રકતદાન શિબિર



ગાંધીનગર, તા.૩

માર્ગ અને મકાન વિભાગ પરિવાર સચિવાલય તરફથી પ્રતિ વર્ષ યોજાતા રકતદાનની જેમ શુક્રવારે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૩૮ બોટલ રકત એકત્ર થયું હતું.

આજે યોજાયેલ આ રકતદાન શિબિરમાં નાયબ મુખ્યમંત્રીશ્રી, નિતીનભાઈ પટેલ અને વિભાગના સચિવશ્રી, એસ.બી. વસાવાની પ્રેરણાથી સતત ૧૮મો રકતદાન કેમ્પ ખુબ સફળતાપૂર્વક યોજાયો હતો. આજના રકતદાન કેમ્પમાં વિભાગના અને સચિવાલયના અન્ય વિભાગોના કર્મચારી/અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રકતદાન કર્યુ હતું.

આ રકતદાન કેમ્પમાં વિભાગના સચિવશ્રી અને આયોજકો તરફથી રકતદાતાઓને સ્મૃતિચિન્હ તરીકે લેપટોપ બેગ એનાયત કરવામાં આવી હતી તેમજ વિભાગના સચિવશ્રી અને આયોજકોએ આ રકતદાન કેમ્પ સફળ બનાવવા માટે તમામ સહયોગી અને ખાસ કરીને રકતદાતાઓનો આભાર માન્યો હતો.

# એમસીઆઈ ઈન્સ્પેકશનને પગલે હોસ્પિટલમાં 3 વોર્ડ તૈયાર કરાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે એમસીઆઈનું છેલ્લું ઈન્સ્પેકશન ચાલુ માસમાં ગમે તે ઘડીએ આવી શકે છે. ઈન્ફ્રાસ્ટ્રચરને અનુલક્ષી વોર્ડમાં કોઈપણ જાતની કચાશ રહી ન જાય તે માટે ખુદ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. બિપિન નાયક રાઉન્ડ લઈ ઝીણવટભર્યુ નિરીક્ષણ કરી રહ્યા છે. ત્યારે હોસ્પિટલમાં સાતમાં માળે ચામડી અને માનસીક રોગના દર્દીઓનો એક જ વોર્ડ હતો. ઉપરાંત ટીબી માટેના વોર્ડની પણ ખાસ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. આમ એમસીઆઈને પગલે હોસ્પિટલમાં રોજ રાઉન્ડ લેવાતા હોવાથી હોસ્પિટલ તંત્ર વાઈબ્રન્ટ મોડમાં જણાય છે.

પાટનગરની મેડીકલ કોલેજના પાંચ વર્ષને અંતે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનું છેલ્લું ઈન્સ્પેકશન બાકી છે. તાજેતરમાં તબિબિ વિદ્યાર્થીઓની પરિક્ષા ચાલી રહી હતી તે દરમિયાન એમસીઆઈની ગાઈડ લાઈન મુજબ પરિક્ષા લેવાય છે કે કેમ તે માટે આવ્યું હતું. જયારે આગામી ઈન્સ્પેકશન હોસ્પિટલ તંત્રના ઈન્ફ્રાસ્ટ્રકચરને લઈને આવવાનું છે. ચાલુ માસમાં ગમે તે ઘડીએ મેડીકલ કાઉન્સીલની ટીમ આવે તેવા ભણકારા વાગી રહ્યા છે. ત્યારે થોડા સમયમાં હોસ્પિટલના દરેક વોર્ડમાં ખુટતી ચીજવસ્તુથી લઈને તમામ બાબતોનું ઝીણવટભર્યુ નિરીક્ષણ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે નવી બિલ્ડીંગમાં સાતમા માળે ચામડી અને માનસીક રોગના દર્દીઓનો વોર્ડ કાર્યરત હતો જેમાંથી બંન્ને વોર્ડ છુટા પાડીને જુના બિલ્ડીંગમાં ઉભા કરવામાં આવ્યા છે. ઉપરાંત ટીબીના દર્દીઓ માટે પણ ખાસ વોર્ડ તૈયાર કરાયો છે. જયારે હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ હોસ્પિટલમાં ખુટતી સામગ્રીની ખરીદી પણ પુરજોશમાં શરુ કરી દેવામાં આવી છે. તમામ વોર્ડ અને વિભાગોમાં ખુદ સુપ્રિટેન્ડન્ટ રાઉન્ડ લેતા હોવાથી કર્મચારીઓ અને તંત્ર પણ ખડેપગે જોવા મળે છે. જયારે રોજેરોજના રાઉન્ડથી સિવિલ તંત્ર વાઈબ્રન્ટ મોડમાં આવી ગયું છે.





ગાંધીનગરના સેકટર-૪માં શનિદેવ મંદિરથી શોપીંગ સેન્ટર તરફ જવાના માર્ગે પાણીની પાઈપલાઈનના વાલ્વ માટેની એક કુંડી ઢાંકણા વગર ખુલ્લી હાલતમાં છે. આ ખુલ્લી કુંડી અહીંથી ખાસ કરીને રાત્રિના સમયે પસાર થતા રાહદારીઓ, વાહનચાલકો તેમજ પશુઓ માટે જોખમરૂપ સાબિત થાય તેમ છે. આ કુંડીને સત્વરે ઢાંકણ લગાડી સુરક્ષિત કરાય તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે.

# જયોતિ મહિલા મંડળ દ્વારા ફરસાણની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૩

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા નગરની બહેનો માટે લીલા શાકભાજીના ફરસાણની વિવિધ વાનગીની સ્પર્ધા આગામી તા. ૭ ફેબ્રુઆરીને મંગળવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બહેનોએ વાનગી ઘરેથી તૈયાર કરીને રેસીપી સાથે લાવવાની રહેશે. જયારે આ પ્રસંગે મીનાબેન શાહ આંબળા અને જામફળના શરબતનું લાઈવ ડેમોસ્ટ્રેશન પણ આપશે. આ સ્પર્ધામાં નગરની બહેનોને વધુમાં વધુ સંખ્યામાં જોડાવા માટે સંસ્થાના પ્રમુખ ડો. ચેતના બુચે અનુરોધ કર્યો છે.

# રામ સેવા ટ્રસ્ટ દ્વારા યોજાયેલ દેશ ભકિત ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩

રામ સેવા ટ્રસ્ટ આયોજિત પ્રજાસત્તાક દિન નિમિત્તે દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. નિવૃત્ત નાયબ કસ્ટમ ઈન્સ્પેકટર આર.સી. પરમાર, લીલાબેન પરમારના પરિવારે સ્પર્ધકોને ઈનામો એનાયત કર્યા હતા તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

નિર્ણાયક તરીકે સવિતાબેન બારોટ અને બ્રહ્મસમાજના મહિલા પાંખના પૂર્વ પ્રમુખ પ્રતિમાબેન દવે હતા. એ ગ્રુપમાં અર્પિતા વાઘેલા પહેલા ક્રમે, દ્વિતિય ક્રમે મોહનભાઈ સાલુન્કે, તૃતીય ક્રમે રાકેશભાઈ આર. પરમાર વિજેતા રહ્યા હતા. બી ગ્રુપમાં પહેલા ક્રમે વેદાંશી પરમાર, બીજા ક્રમે ઉન્નતીબેન શ્રીમાળી અને ત્રીજા ક્રમે ગાયત્રીબેન શ્રીમાળી વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસારે કર્યુ હતું.

# પેથાપુરની ઠાકોર સાહેબની હવેલીમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષા અંગે કલેકટરનું માર્ગદર્શન

ગાંધીનગર, તા.૩

પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં આવેલી ઠાકોર સાહેબની હવેલીમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં માળી સમાજના દીકરા-દીકરીઓની મુલાકાત જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે લીધી હતી. કલેકટરશ્રીના હસ્તે તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ મેરેથોન દોડ પુરી કરનાર અને હવેલીમાં રહીને અભ્યાસ કરતી ૪ દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

માળી સમાજના દીકરા-દીકરીઓની સાથે કલેકટર શ્રી સતીશ પટેલે મુલાકાત દરમ્યાન શિક્ષણનું જીવનમાં શું મહત્વ છે, તેની સમજ આપી હતી. કલેકટરશ્રીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારમાં કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું અને તેની તૈયારીઓ કેવી રીતે કરવી, જેવી અનેક રસપ્રદ તથા પ્રેરણાદાયી વાતો પોતાની આગવી શૈલીમાં કરી હતી.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓએ કલેકટર શ્રી સતીશ પટેલને પોતાને મુઝવંતા પ્રશ્નો કર્યા હતા. તે તમામના જવાબ કલેકટરશ્રી સરળ ભાષામાં આપીને તેમની મઝુંવણ દૂર કરી હતી. આગામી સમયમાં યોજાનાર પરીક્ષા માટે હાર્દિક શુભકામનાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે પેથાપુર નગરપાલિકાના પ્રમુખ શ્રી રણજીતસિંહ વાઘેલા, ગાંધીનગર જિલ્લાના પુરવઠા અધિકારી શ્રી નિશાબેન શર્મા, મામલતદાર શ્રી જોષી, પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી વાલેરા ઉપસ્થિત રહ્યાં હતાં.

# જે.બી. પ્રાથમિક શાળા ખાતે વિશ્વ જળપ્લાવિત દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૩

વર્તમાન સમયમાં વિકાસની દોડમાં પૃથ્વીને હવા, પાણી અને જમીનના પ્રદુષણથી બચાવવાનો એક પડકાર વિશ્વ સમક્ષ મ્હોં ફાડીને ઉભો છે. પ્રદુષણના કારણે વિશ્વમાં જળપ્લાવિત વિસ્તાર ઝડપથી ઘટી રહ્યો છે. જે ખતરાની ઘંટી સમાન છે. વિશ્વમાં જળપ્લાવિત વિસ્તારના સંરક્ષણ અને સંવર્ધન માટે તા. ૨જી ફેબ્રુઆરીને 'વિશ્વ જળ પ્લાવિત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સે-૨૩માં જે.બી. પ્રાથમિક શાળા ખાતે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે પોપ્યુલર લેકચર તથા ડોકયુમેન્ટ્રી ફિલ્મ શૉ નું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ૮૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.



વર્ષ ૧૯૭૧માં ઈરાનના રામસાર ખાતેથી વિશ્વ જળ પ્લાવિત દિવસની ઉજવણીનો પ્રારંભ કરાયો હતો. આ વર્ષે આ દિવસની ઉજવણીની થીમ 'વેપ્લેન્ફસ ફોર ડીઝાસ્ટર રિસ્ક રિડકશન' અંતર્ગત સમગ્ર વિશ્વમાં જન જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ, રાજેશ્રી વાર્ષ્ણેય તથા હિતેન્દ્ર ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જે.બી. પ્રાથમિક શાળાની ઈકો કલબના કન્વિનર વિક્રમ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. ડૉ. અનિલ પટેલે બાળકોને જળપ્લાવિત વિસ્તાર અંગે સમજ આપી આ વિસ્તાર આધારિત પ્રાણીઓ, પક્ષીઓ અને વનસ્પતિ વિશે માહિતગાર કર્યા હતા. આ સાથે આ વિસ્તારને બચાવવા કેવી તકેદારી રાખવી તે અંગે પણ જાણકારી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળ દ્વારા વાર્ષિક સ્નેહ મિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર સ્થિત સુવર્ણકાર મંડળ દ્વારા શહેરમાં રહેતા સોની જ્ઞાતિ પરિવારોનો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તા. ૫-૨-૨૦૧૭ રવિવારે ડૉ. આંબેડકર હોલ, સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં બાળકો તથા વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન આપી ઈનામોની વહેંચણી, સાંસ્કૃતિક કાર્યક્રમ અને જ્ઞાતિના વિકાસને લગતી ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા તમામ પરિવારોને પધારવા મંડળના પ્રમુખશ્રી વસંતભાઈ સોની તરફથી આમંત્રણ પાઠવવામાં આવે છે.

# રીઝર્વ બેંક અમદાવાદમાં જુની નોટો બદલાતી નથી

## સંજોગો આધિન બદલવાની રહી ગયેલ તેમને તેમજ વિદેશથી આવેલ ગુજરાતીઓને મુંબઈ, દિલ્હી, કલકત્તા કે ચેન્નઈ નોટ બદલવા જવાની નોબત

ગાંધીનગર, તા.૩

નોટબંધી દરમિયાન અનેક મુશ્કેલીઓ ભોગવી ચુકેલા ગુજરાતીઓ હજુ પણ યેનકેન પ્રકારે જુની નોટથી છુટકારો મેળવી શકયા નથી. સંજોગો આધિન બદલવાની રહી ગયેલ જુની નોટ હાલ અમદાવાદની રિઝર્વ બેંક બદલી આપતી નથી તો બીજી તરફ વિદેશથી આવેલ ગુજરાતીઓને પણ અમદાવાદ રિઝર્વ બેંકમાં નોટ બદલી શકાતી નથી જેથી મુંબઈ, દિલ્હી, કલકત્તા કે ચેન્નઈ નોટ બદલવા જવાની નોબત આવી પડી છે. ઓછી સંખ્યાની નોટો માટે દુર સુધી જવામાં ઘાટ કરતા ઘડામણ વધી જવાની અને સમયની બરબાદીની મોટી પળોજણ ઉભી થઈ છે. ૩૧મી માર્ચ સુધી નોટ રીઝર્વ બેંક ખાતે બદલી શકાશે તેવી મસમોટી જાહેરાતો ગુજરાત માટે પોકળ સાબિત થઈ જતાં લોકો પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે.

નોટબંધી અંગે વડાપ્રધાનની જાહેરાત પછી સામાન્ય વર્ગના લોકોએ લાઈનમાં ઉભા રહીને પોતાની મહામુલી મુડી ખાતામાં જમા કરાવીને કે પછી બદલાવીને




હાશકારો અનુભવ્યો હતો. પરંતુ ઘરના ખુણે ખાંચરે કે બચતના આશયથી છુપાવી રાખેલી અને ભુલી જવાયેલી નોટો અચાનક હાથમાં આવતાં જ મધ્યમ વર્ગનો પરિવાર બેબાકળો બની ચિંતામાં પડયો છે. કારણ કે અમદાવાદની રિઝર્વ બેંક ૩૧મી માર્ચ સુધીની મુદત સુધી સ્વીકારવાની હતી તેવી અપેક્ષા ઠગારી નીવડી છે. વધુમાં વિદેશથી આવેલા કેટલાક ગુજરાતીઓને પણ કડવો અનુભવ થયો છે. આવા નોટ બદલી કરવાવાળાઓને હવે ફરજીયાત દિલ્હી, કલકતા, ચેન્નઈ કે મુંબઈ જવું પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. સરકારની આવી નિતી રીતી સામે લોકો બળાપો કાઢી રહ્યા છે. જથી હવે જયારે થોડા દિવસ જ રહ્યા છે ત્યારે સરકાર ગુજરાત માટે અમદાવાદ કેન્દ્રમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા આપ્તપુત્ર સત્સંગ યોજાશે

ગાંધીનગર, તા.૩

દાદા ભગવાન પરિવાર ગાંધીનગર દ્વારા આપ્તપુત્ર સત્સંગનો કાર્યક્રમ આગામી તા. ૫ ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન બલરામ ભવન, ઉમિયા મંદિર પાસે સેકટર-૧૨ ખાતે યોજાશે. આ સત્સંગમાં નગરના ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં હાજર રહેવા રમેશભાઈ સોંદરવા તેમજ મનીષ શુકલએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર શિવાજી બબાજી, ઉ.વ.૬૧
- સ્વ. રાવલ વિનોદાબેન બાલગોવિંદ, ઉ.વ.૮૦
- સ્વ. ઠાકોર કિરીટજી કાળાજી, ઉ.વ.૫૦
- સ્વ. સુથાર આનંદીબેન ચીમનલાલ, ઉ.વ.૭૨
- સ્વ. ઠાકોર કાળાજી જેણાજી, ઉ.વ.૭૨
- સ્વ. ઠાકરો રઈજીજી બબાજી, ઉ.વ.૫૪
- સ્વ. ત્રિવેદી કોકીલાબેન ચેતનભાઈ, ઉ.વ.૫૩
- સ્વ. ઠાકોર ફુલાજી ડાહ્યાજી ઠાકોર, ઉ.વ.૮૯
- સ્વ. ચૌહાણ વિહાજી મીઠાજી, ઉ.વ.૭૦